


"અરે સાહેબ શું થવા બેઠુ છે ? શું વહીવટ ચાલે છે ?"

"શાની વાત કરો છો ? કંઈ થયુ કે શુ પાછું..?!"

"જોયું નહીં સાહેબ હજુ તો ચાર દિવસ થયા નથી ત્યાં બીજો રેલવે અકસ્માત થયો."

"હેં...હેં... શું વાત કરો છો ?!"

"સાહેબ, એ જ ઉત્તરપ્રદેશમાં ઓરૈયા પાસે ૧૨ ડબ્બા પાટા પરથી ખડી પડ્યા અને ૮૦ મુસાફરો ઘવાયા."

"અરરર... બહું ખોટુ થયું, ના થવુ જોઈએ. તપાસ કરાવો. જવાબદારો સામે પગલાં લેવાશે..."

"...હા, આ જ નિવેદનો આવશે અમને ખબર હતી. જો આ જગ્યાએ અમે હોઈએ તો તમે અત્યાર શુ નું શુ કરી નાંખ્યુ હોત. કેટલાય પુતળાં બાળ્યા હોય, પથ્થરમારો કર્યો હોત, અને રેલવે મંત્રીનું રાજીનામુ માંગ્યુ હોત."

"તે તમે ના કરો એમાં તમારી અણઆવડત, અમે શું કરીએ..?!"

"સાહેબ અમે નકારાત્મકતામાં માનતા નથી એટલે તમે ફાંકા મારો છો."

"જો ભાઈ, આ વાત ખોટી છે. તમે ચુકી જાવ અને તેને હોંશીયારીમાં પલ્ટાવવાનો દેખાડો કરો છો. એ ક્યાંનો ન્યાય. અને તમને સાચુ કહું આટલા બધા વર્ષો સત્તામાં રહ્યા છો એટલે વિરોધ કરતાંય આવડતો નથી."

"બહુ થયુ, બહુ થયુ સાહેબ, અમે જ્યારે વિરોધ કરીએ છીએ તો તમે એમ કહો છો કે કામ કરવા દેતા નથી અને નથી કરતા તો કહો છો અમને આવડતુ નથી. આ તો દરેકમાં હું સાચો એ ભ્રમમાંથી નીકળો ત્યારે ખબર પડશે."

"સાહેબ, ભ્રમ નથી. ધોળે દિવસે દેખાતુ નગ્ન સત્ય છે...."

"શું ધૂળ સત્ય છે..?! જુઓ સાહેબ અકસ્માત થયો અને બાર કલાકમાં તો રેલવે બોર્ડના ચેરમેનને રાજીનામુ આપવુ પડ્યું."

"હા...હા... આ તો જમવામાં જગલોને, કુટવામાં ભગલો. સારૂ થયું તો પ્રધાનમંત્રીએ કર્યુ, મંત્રીએ કર્યુ અને ખોટું થયું તો અધિકારીએ કર્યું. સસ્પેન્ડ કરો, ડિસમીસ કરો અને આપણે નિર્દોષ... આ જ તો તમારા ખેલ હોય છે ને...!"

"તે શું એક અકસ્માત થાય તો પ્રધાનમંત્રી રાજીનામુ આપી દે..?"

"હું એવું ક્યાં કહુ છુ, પણ ત્રણ વર્ષમાં ૫૪ અકસ્માતો થાય ત્યાં સુધી આપણે ટ્રેનો 'પ્રભુના' ભરોસે દોડાવીએ...! અને રેલો આવ્યો એટલે મિત્તલનુ રાજીનામુ લીધું."

"સાહેબ, જો જો તો ખરા સુરેશ પ્રભુ પણ બે-ચાર દિવસમાં મંત્રીપદે નહીં હોય."

"હા એ તો અમને ખબર છે. મંત્રીમંડળનું વિસ્તરણ થવાનુ છે અને તમારા સાહેબ ગંજીપો ચીપવાના છે. એટલે ખાતું બદલી નાંખશે. બીજુ કંઈ નહી થાય હો..!"

"બરાબર એવું જ થયું છે, થાય છે અને થશે. પણ જ્યાં સુધી મંત્રીઓ, સચિવો, અધિકારીઓ અને કર્મચારીઓ પ્રમાણિક અને નિષ્ઠાપૂર્વક ફરજ નહી બજાવે ત્યાં સુધી દુર્ઘટનાઓ ઘટતી જ રહેવાની, પ્રજા ભોગવતી જ રહેવાની અને હું અને તમે ચર્ચામાં જ રહેવાના."

- નિમિત્ત માત્ર



કેવડા ત્રીજ - ભારતીય સમાજ જીવનમાં પતિના આયુષ્ય માટે પત્ની દ્વારા કરાતા વ્રતોમાં કેવડા ત્રીજ પણ મહત્વનું વ્રત ગણાય છે... કેવડા ત્રીજ માટેની પૂજાની છાબડી બજારમાં ઠેર ઠેર નજરે પડે છે... પરણિતાનો વિવિધ શણગાર અને પૂજા - અર્ચન માટેની વિવિધ સામગ્રીઓ આકર્ષક છાબડીમાં પેક કરી વેચાણ માટે મુકવાની નવી પરંપરા આરંભાઈ છે...

# જિલ્લામાં સ્વાઈન ફલુના વધુ ૩ કેસ ૧ દર્દીનું સારવાર દરમ્યાન મોત

## જિલ્લામાં ૪૭ દર્દી સંપૂર્ણ સાજા થતાં હોસ્પિટલમાંથી રજા અપાઈ જિલ્લાનો મૃત્યુઆંક ૧૩ પહોંચ્યો : દર્દીઓની સંખ્યા ૮૨ થઈ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં આજે સ્વાઈન ફલુના વધુ ૩ કેસ મળી આવ્યા છે અને દર્દીઓની કુલ સંખ્યા ૮૨ પર પહોંચી છે. દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં સારવાર દરમ્યાન એક દર્દીનું મોત થતાં મૃત્યુ આંક ૧૩ પર પહોંચ્યો છે.

જિલ્લામાં આજે માણસા તાલુકાના પડુસ્મા ખાતેથી વધુ એક કેસ સ્વાઈન ફલુ પોઝીટીવનો મળી આવેલ છે. આ ઉપરાંત દહેગામ તાલુકાના કડજોદરામાંથી પણ એક સ્વાઈન ફલુ પોઝીટીવનો કેસ મળી આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

### સે. ૭માંથી સ્વાઈન ફલુના ૨ કેસ મળ્યા : ૧૦ વર્ષીય બાળક સ્વાઈન ફલુમાં પટકાયો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં સે. ૭માંથી સ્વાઈન ફલુ પોઝીટીવના વધુ બે દર્દી મળી આવતાં શહેરના દર્દીઓની સંખ્યા વધીને ૨૪ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૭ની એક મહિલાને સ્વાઈન ફલુ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યાં તેણીની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત સે. ૭માં જ એક દસ વર્ષીય બાળકને પણ સ્વાઈન ફલુ પરીક્ષણ દરમ્યાન પોઝીટીવ જણાતાં તેને ગાંધીનગર અમદાવાદ માર્ગ પરની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાંથી અત્યાર સુધીમાં મળેલા ૨૪ કેસમાંથી ૧૧ દર્દી સારવાર હેઠળ છે. જ્યારે ૩ દર્દીના મોત થયા છે. ૧૦ દર્દી સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

# મુક્તિધામના રિનોવેશનને મંજૂરી

## આદિવાડામાં હવે આરસીસીના રોડ બનશે : ડસ્ટબીન અંગે રિ-ટેન્ડરીંગ કરવાનો નિર્ણય લેવાયો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં સે. ૩૦ નજીક આવેલ મુક્તિધામના રિનોવેશનની કામગીરીને મંજૂરીની મ્હોર મારવામાં આવેલ છે.

આજની આ બેઠકમાં ચાર સૂચવાયેલ કામ ઉપરાંત વધુ ૧ કામ પૂરક એજન્ડા દ્વારા હાથ ધરવામાં આવ્યુ હતુ.

આ બેઠકમાં આદિવાડા ગામમાં આરસીસી રોડ બનાવવાની દરખાસ્તને પણ બહાલી આપવામાં આવી છે.

બેઠકમાં ડસ્ટબીનની ગુણવત્તા યોગ્ય ન જણાતાં તે અંગે પુનઃ ટેન્ડરીંગ પ્રક્રિયા કરવા સમિતિએ કમિશનરને સૂચવ્યુ છે. આ ઉપરાંત



ખુરશી માટેની ડિઝાઈન પણ યોગ્ય ન જણાંતા તે અંગેની કાર્યવાહી મુલ્તવી રાખી છે.

મનપામાં મદદનીશ સચિવ તરીકે સેવા આપતા અધિકારીને વર્ગ-૨ના અધિકારી તરીકે બઢતી આપવાનો પણ નિર્ણય આજની આ બેઠકમાં લેવામાં આવ્યો હતો.

આજની સ્થાયી સમિતિમાં ઈન્ચાર્જ કમિશનર અન્ય રોકાણને કારણે હાજર રહ્યા ન હતા પરંતુ તેમના પ્રતિનિધિ તરીકે ડે. મ્યુનિ. કમિશનર બારૈયાને સત્તા આપતાં તેઓ હાજર રહ્યા હતા.

# શાળાઓ સરકારી કાર્યક્રમોમાં વ્યસ્ત વિદ્યાર્થીઓ ભણવાનુ ભુલી ગયા છે...!!

## સતત સરકારી કાર્યક્રમોના આયોજનોમાં ફરજિયાત શાળાઓને જોતરવાના અભિગમથી વિદ્યાર્થીઓનુ શિક્ષણ બગડી રહયુ છે : નિયત સમયમાં કોર્ષ પુરો કરવામાં પણ શિક્ષકોની આકરી કસોટી

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગર જિલ્લામાં એકબાજુ નબળી શાળાઓના પરિણામ સુધારણા માટે શિક્ષણ વિભાગ દ્વારા વધારાના વર્ગો શરૂ કરવા ઉપરાંત શિક્ષકોની ટેસ્ટ સહીતના વિવિધ અસરકારક પગલા લેવાતા હોવાની સુફિયાણી વાતો કરવામાં આવે છે .આવાં સજોગોમાં છેલ્લા કેટલાક સમયથી સમગ્ર શિક્ષણ તંત્ર જાણે સરકારી કાર્યક્રમોમાં જ વ્યસ્ત હોવાનુ ધ્યાને આવી રહયુ છે. ગુજરાત ક્વિઝ, સ્વચ્છતા વીક તેમજ હીન્દ છોડો સહીતના કાર્યક્રમોની ઉજવણીમાં શાળાઓને સતત વ્યસ્ત રાખવામાં આવતા વિદ્યાર્થીઓના શિક્ષણ પર માંઠી અસર થઈ રહી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. સરકારી કાર્યક્રમો પુરા થતા નથી ત્યારે વિદ્યાર્થીઓ પણ અભ્યાસનુ કામ ભુલી જાય તેવી સ્થિતિ છે. શિક્ષકો માટે નિયત સમયમાં કોર્ષ પુરો કરવાનુ પણ મુશ્કેલ બન્યુ છે.

સ્પર્ધાત્મક અને હાઈટેક બનતા શિક્ષણના યુગમાં સરકારી શાળાના વિદ્યાર્થીઓને ગુણવત્તાલક્ષી શિક્ષણ મળે તે માટે શિક્ષણ વિભાગ દ્વારા અનેક પ્રયાસો હાથ ધરાયા હોવાની વાતો કાને સંભળાય છે. જયારે બોર્ડમાં નબળુ પરિણામ ધરાવતી શાળાઓમાં પણ શિક્ષણનુ સ્તર ટકાવારી વધારવા માટે શિક્ષણ તંત્ર દ્વારા અસરકારક પગલા લેવાતા હોવાનો દાવો કરવામાં આવે છે. ત્યારે છેલ્લા ઘણાં સમયથી સરકારી કાર્યક્રમોની ઉજવણીમાં વ્યસ્ત શાળાઓમાં વિદ્યાર્થીઓ ભણવાનુ ભુલી ન જાય તે વાત પણ શિક્ષણવિદો માટે ચિંતાનો વિષય બની છે. છેલ્લા કેટલાક સમયથી શાળાઓમાં સતત સરકારી કાર્યક્રમોનો દૌરા ચાલુ છે. ગુજરાત ક્વિઝ , સ્વચ્છતા અભિયાન ,હિન્દ છોડો સહીતના

● અનુસંધાન પાન-૭ પર



બિસ્માર માર્ગો - ભારે વરસાદના પગલે ધોવાયેલા માર્ગોમાં વાહનો કેવા ફસાય છે એની તસવીરી ઝલક ગંભીરતા વ્યક્ત કરે છે... જિલ્લાના વાવોલ-ઉવારસદ માર્ગ પર ડામરના રોડની કેવી હાલત છે એની પ્રતિતિ આ તસવીર કરાવે છે... જ્યારે રોડની બાજુમાંથી નીકળી રહેલ ટ્રક પણ કેવી વિચિત્ર રીતે ફસાઈ છે... માર્ગોના આંકડા આપી ૧૦૦ ટકા સિદ્ધિની વાતો કરતા તંત્રની આંખ ખોલી દે એવી આ તસવીર કેવા હલકી ગુણવત્તાવાળા માર્ગો બન્યા છે કે જેથી એક જ ચોમાસામાં આવી કફોડી હાલતમાં વાહન ચાલકોને મુકાવવું પડે છે...

# રાહુલ ગાંધી આગામી મહિને ગુજરાતના પ્રવાસે આવશે

## પહેલી-ચોથીના બંને કાર્યક્રમોમાં હાજર રહેશે : ૨૯મી ઓગસ્ટે ભાવનગરમાં સત્ય વિજય સંમેલન અને ૨૯મીએ સુરત ખાતે સંમેલન

અમદાવાદ,તા.૨૩

રાજયસભાની ચૂંટણીમાં એહમદ પટેલના પ્રતિષ્ઠાભર્યા વિજય બાદ કોંગ્રેસમાં જાણે નવા ઉત્સાહ અને જુસ્સાના પ્રાણ ફુંકાયા છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓને લઈ કોંગ્રેસ આક્રમક બન્યુંછે. આગામી દિવસોમાં કોંગ્રેસ દ્વારા ભરચક કાર્યક્રમોનું આયોજન કરાયું છે. જેમાં સૌથી મહત્વના કાર્યક્રમ એવા તા.૧લી સપ્ટેમ્બરના પારડી ખાતેના ખેત સંમેલન અને તા.૪થી સપ્ટેમ્બરના અમદાવાદના રિવરફ્ન્ટ પર પંચાયતી રાજના ચૂંટાયેલા પ્રતિનિધિઓનું મહાસમંલેનના કાર્યક્રમમાં કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ખાસ હાજરી આપનાર છે.

ભરચક કાર્યક્રમોને લઈ કોંગ્રેસના કાર્યકરોથી લઈ ગુજરાત કોંગ્રેસના ટોચના નેતાઓ અને આગેવાનો ભારે વ્યસ્તતામાં જોતરાઈ ગયા છે. આવતીકાલે યુથ કોંગ્રેસ દ્વારા શહેરમાં યુનિવર્સિટી કન્વેન્શન હોલ ખાતે વિજય વિશ્વાસ સંમેલન યોજાનાર છે ત્યારે એ પછી તા.૨૬મી ઓગસ્ટે ભાવનગર ખાતે સત્ય વિજય સંમેલન યોજાશે. જેમાં કોંગ્રેસના વફાદાર ધારાસભ્યોનુંસન્માન કરવામાંઆવશે. એ પછી તા.૨૯મી ઓગસ્ટે સુરતમાં આ જ પ્રકારનું સંમેલન યોજાશે, જેમાં વફાદાર ૪૩ ધારાસભ્યોને કોંગ્રેસપક્ષ દ્વારા સન્માન કરી બિરદાવવામાં આવશે. એ પછી સૌથી મહત્વનો કાર્યક્રમ તા.૧લી સપ્ટેમ્બરે નવસારીના પારડી ખાતે ખેત સંમેલન યોજાશે. પારડીના ખેત સંમેલનમાં હજારો ખેડૂતો, આદિવાસીઓ અને પ્રજાજનો ખૂબ મોટી સંખ્યામાં જોડાય તેવી શકયતા છે.

વર્ષો પહેલાં ખેડૂતોને તેમની જમીનનો હક્ક અપાવવા જમીન સુધારણા અને અધિકારની લડાઈ માટે જે સત્યાગ્રહ થયો હતો તેનું આ સ્થળ ઐતિહાસક ગવાહ છે અને તેથી કોંગ્રેસે આ સ્થળ પર ખેત સંમેલન યોજવાનો નિર્ણય કરી ખેડૂતો, આદિવાસીઓ અને આસપાસના હજારો ગ્રામ્યજનોને આકર્ષ્યા છે. આ સંમેલનમાં કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ખાસ હાજરી આપવાના છે.

# વાવોલની સોસાયટીના માર્ગો પરથી ભારે વાહનોની અવરજવર બંધ થશે

## ગુડાના ચેરમેને દરમિયાનગીરી કરી અન્ય ડાયવર્ઝન આપવા વ્યવસ્થા ગોઠવી : ટ્રાફિકને ડાયવર્ટ કરવા બેરિકેટસ પણ મુકાશે : ક-૩ થી ઉવારસદ કોલેજના માર્ગને ફોરલેન કરવાનુ કામ શરૂ પ્રાથમિક તબક્કે ગરનાળા પહોળા કરવાનુ કામ હાથ ધરાયુ : ટ્રાફિકની અવરજવર સરળ અને સલામત બનશે

ગાંધીનગર તા ૨૩

ક - ૩ થી ઉવારસદ ડેન્ટલ કોલેજ સુધીના માર્ગને ફોરલેન બનાવાની કાર્યયોજના અન્વયે હાલ ગરનાળાને પહોળા કરવાનુ કામ ચાલી રહયુ છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૭ કરોડનો ખર્ચ થશે. કામગીરી પુર્ણ થયા બાદ ટ્રાફિકની અવરજવર સરળ અને સલામત બનશે. પરંતુ હાલ આ કામગીરીને અનુલક્ષી માર્ગ સલામતી જોખમમાં મુકાઈ છે. જેના લીધે વાવોલના આંતરિક વિસ્તારોમાં ભારેખમ વાહનો દોડતા ગમે ત્યારે જાનલેવા અકસ્તાત થવાની દહેશત છે. સ્થાનિક રહીશોની સલામતીને ધ્યાને લઈ ભારે વાહનો સોસાયટીના આંતરિક માર્ગો પરથી પસાર ન થાય તે માટે આજે ગેઝિયા કોલવડા માર્ગ પર ડાયવર્ઝન આપવા માટે પણ ગુડાના ચેરમેને સુચના આપી છે.

હાલ ઉવારસદ ડેન્ટલ કોલેજ તરફ જતા માર્ગને ફોરલેન બનાવાની યોજના અન્વયે પ્રાથમિક તબક્કે રૂટમાં આવતા બે ગરનાળા પહોળા કરવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે આ કામગીરીને અનુલક્ષી આગળ માર્ગને બન્ને બાજુએથી સાડા ૮ મીટર પહોળો કરવા માટે કામ શરૂ કરવામાં આવશે. પરંતુ ગરનાળા પહોળા કરવાની કામગીરી દરમિયાન ક માર્ગ પરથી પસાર થતા ભારે વાહનો વાવોલની આંતરિક સોસાયટીના માર્ગ પરથી પસાર થઈ રહયા છે. જેના લીધે રોજબરોજ સોસાયટીમાં ટ્રક સહીતના ભારે વાહનો ફસાઈ પડે છે. સોસાયટીના આંતરિક માર્ગો પણ તુટલી હાલતમાં છે. જેના લીધે આ માર્ગ વધુ જોખમી સાબિત થયો છે.

● અનુસંધાન પાન-૭ પર

### ઓબીસી અંગે નિર્ણયોને મુખ્યમંત્રી દ્વારા આવકાર

અમદાવાદ, તા.૨૩

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કેન્દ્રની નરેન્દ્ર મોદીના નેતૃત્વની સરકારે આજે ઓબીસી માટેના કરેલા બે મહત્વપૂર્ણ નિર્ણયોને આવકાર્યા છે. મુખ્યમંત્રીએ કેન્દ્રીય કેબિનેટે ઓબીસી જાતિઓના પેટા વર્ગીકરણ માટે અલગ કમિશન રચવાના કરેલા નિર્ણય અંગે પ્રતિક્રિયા આપતાં કહ્યું કે, ગરીબ, પછાતવર્ગોને હવે વિવિધ યોજનાઓનો વ્યાપક લાભ મળતો થશે.

તેમણે કહ્યું કે, આ કમિશનની રચના માટે લાંબાસમયથી માંગ હતી પરંતુ ભુતકાળની યુપીએ સરકારે તે સંતોષી ન હતી. ગરીબ અને અતિપછાત વંચિત વર્ગોને પણ વિકાસની મુખ્યધારામાં લાવવાનું કદમ ઉઠાવ્યું છે.

**જોઈએ છે**

સહકારી બેન્કને નીચે જણાવ્યા મુજબની જગ્યા માટે લાયક ઉમેદવારની જરૂર છે

**(૧) એકાઉન્ટ્સ ઓફિસર :- શૈક્ષણિક લાયકાત :** M.B.A. ફાયનાન્સ હોવા આવશ્યક છે. તથા બેન્કીંગ કામકાજનો અનુભવ ઓછામાં ઓછો ૨-વર્ષનો હોવો જરૂરી. આમ છતાં પણ ઈન્ટર C.A. અથવા C.A.ને યોગ્યતા મુજબ બેન્કની જરૂરિયાત પ્રમાણે પ્રથમ પસંદગી આપવામાં આવશે. અપેક્ષિત પગાર સાથે અરજી કરવી.

**(૨) કોમ્પ્યુટર એન્જીનીયર :** કોમ્પ્યુટર હાર્ડવેર તથા નેટવર્કીંગ માટે ડીગ્રી અથવા ડીપ્લોમા ધરાવતા હોય તેઓએ અરજી કરવી.

ઉપરોક્ત કામગીરીમાં સોફટવેરનું જ્ઞાન ધરાવતા તથા અનુભવી ઉમેદવારને અગ્રતા આપવામાં આવશે. અપેક્ષિત પગાર સાથે અરજી કરવી.

**જાહેરાતના તારીખથી દિન-૧૦માં પોસ્ટ બોક્સ નંબર ૧૦૫૧**

**C/o. ગાંધીનગર સમાચાર, સેક્ટર-૮, ગાંધીનગર ખાતે અરજી મોકલી આપવી.**

મેનેજીંગ ડિરેક્ટર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ

કંપનીના અધિકૃત વિક્રેતા

BRIDGESTONE

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯

મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com